# પ્રેસનોટ

## "સુરત મહાનગરપાલિકાની ૫૦ વર્ષથી આયોજીત સંજીવકુમાર નાટ્ય સ્પર્ધા"

સુરત મહાનગરપાલિકા દ્વારા સુરત મહાનગરપાલિકાની ૫૦ વર્ષથી આયોજીત સંજીવકુમાર નાટ્ય સ્પર્ધાનું આયોજન ચાલુ વર્ષે આગામી સમયમાં સંજીવકુમાર ઓડિટોરીયમમાં કરવામાં આવનાર છે. આ નાટ્ય સ્પર્ધામાં સુરત શહેરની નાટ્ય સંસ્થાઓ ભાગ લઇ શકશે. નાટ્ય સ્પર્ધામાં ભાગ લેવા અંગેના પ્રવેશપત્રો સુરત મહાનગરપાલિકાના સાંસ્કૃતિક વિભાગ, સુરત મહાનગરપાલિકા મુખ્ય કચેરી રૂમ નં.૨૬, ગોરધનદાસ ચોખાવાલા માર્ગ, મુગલીસરા, સુરત( ફોન નં.૨૪૨૩૭૫૧ થી ૫૬ EXT : 279) ખાતેથી ઓફિસ સમય દરમ્યાન મળશે. આ ઉપરાંત સુરત મહાનગરપાલિકાની વેબ સાઇટ www.suratmunicipal.gov.in/information/news પરથી પ્રેસનોટ, પ્રવેશ પત્ર, નિયમો અંગેની માહિતી મળી શકશે. નાટ્ય સ્પર્ધામાં ભાગ લેવા ઇચ્છતી સંસ્થાઓએ પ્રવેશપત્ર સાથે રૂ.3,000/-ની ડીપોઝીટ ડિમાન્ડ ડ્રાફટથી તથા નાટ્યકૃતિની એક કોમ્પ્યુટરાઇઝડ હાર્ડ કોપી પ્રવેશ ફોર્મ સાથે તા.૨૦/૦૭/૨૦૨૪ને શનિવારના રોજ સાંજે ૪.૦૦ કલાક સુધીમાં સાંસ્કૃતિક વિભાગમાં જમા કરાવવાના રહેશે. અધુરી વિગતવાળા પ્રવેશપત્રો રદ થવાને પાત્ર રહેશે.

સમાચારયાદી નં.૧૦૯, તા.૦૮/૦૭/૨૦૨૪, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.